**– આંકઃ૧ લગત હુકમ –**

**ફોજદારી કેસ નંબરઃ209-2004**

આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમઃ૩૨૪, ૨૯૪(ખ) તથા બી.પી.એક્ટની કલમઃ૧૩૫ મુજબના ગુનાનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. આ કામના આરોપીને નામદાર કોર્ટ તરફથી જરૂરી પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે ત્યારબાદ આરોપીની સામે આંકઃ૦૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જ્યારે આંકઃ૦૪ થી ગુના સબબે આરોપીની પ્લી નોંધવામાં આવતા, ગુનો કબુલ નહી હોવાનુ જણાવતા, સદર કામ ફરીયાદપક્ષનાં પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવતા, ફરીયાદપક્ષનાં સાહેદોને જરૂરી પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે જેમાં ફરીયાદી અમરતભાઈ નાગજીભાઈ દેસાઈને પ્રોસસ ઈસ્યુ કરવામાં આવેલ છે જેનો બજવણી અમલદારશ્રીએ કરેલ શેરો ધ્યાને લેવામાં આવે તો સમન્સમાં દર્શાવેલા સરનામે ફરીયાદી રહેતા નથી ત્યાં ખુમાણ અશોકભાઈ જેઠાભાઈ નામની વ્યકિત છેલ્લા પાંચ વર્ષથી રહે છે. ફરીયાદી હાલમાં ક્યાં રહે છે તેની કોઈ માહિતી નથી તેવા શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે. સાહેદ જીવાભાઈ માળાભાઈનાઓને પ્રોસેસની બજવણી કરવામાં આવતા તેઓ તેમના સરનામે મળી આવેલ નથી તેવા શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે. વધુમાં સાહેદ કુલજીભાઈ નાવજી નાગોરીને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલા છે જેમાં બજવણી અમલદારશ્રીએ કરેલ શેરો ધ્યાને લેવામા આવે તો રીવરફ્રન્ટ બાંધકામ ના કારણે મકાનો તોડી નાંખેલ હોય, હાલમાં કોઈ રહેતુ નથી તેવા શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે. વધુમાં સાહેદ રણછોડભાઈ શંકરભાઈ રબારીને પ્રોસેસની બજવણી કરવામાં આવતા તેઓ દર્શાવેલા સરનામે રહેતા નથી તેવા શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત ફરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષના અન્ય સાહેદોને જરૂરી પ્રોસેસો ઈસ્યુ કરવામાં આવેલા છે પરંતુ તેવા સાહેદોના પ્રોસેસો બજે કે વગર બજે અત્રેની અદાલતમાં પરત ફરેલ નથી. ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા સાહેદો તથા આરોપીને હાજર રાખવાની જવાબદારી સરકારપક્ષની છે. નામદાર કોર્ટ દ્વારા વારંવાર પ્રોસેસ કાઢવા છતાં આરોપી કે સાહેદોના પ્રોસેસોની બજવણી કરી, રજુ કરવામાં

આવેલ ન હોય, સદર કેસ ગુણદોષ ઉપર નિકાલ કરવા સારૂ પુરતો પુરાવો અત્રેની કોર્ટ સમક્ષ રજુ થયેલ ન હોય તે કારણથી તથા સદર કેસ ઘણો જુનો હોય તે કારણ ધ્યાને લેતા તેમજ ફરીયાદપક્ષ તેમનો કેસ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ નહી કરી ફરીયાદપક્ષ તેમનો કેસ સાબિત કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ નહી થવાના કારણે પુરાવાના અભાવે આ કામના આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તા.૧૧મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાનમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.
મુકામઃ અમદાવાદ.

( રીન્કુ રાજેશ દેસાઈ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૦૯,અમદાવાદ.
કોડ નંબરઃજીજે–૦૧૦૮૯.